પત્રક્રમાંક:-મઉમશબ/માધ્યમિક/પરીક્ષા/માર્ચ-2022/43

ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
માધ્યમિક વિભાગ,
સેકટર-10-બી, ગાંધીનગર.
તા.19/03/2022

પ્રતિ,

(1) આચાર્યશ્રીઓ,
રજિસ્ટર્ડ માધ્યમિક શાળાઓ (તમામ),
ગુજરાત રાજય.

(2) પ્રધાનાચાર્યશ્રીઓ,
સંસ્કૃત પાઠશાળાઓ (પ્રથમા) તમામ,
ગુજરાત રાજય.

<u>વિષય:-</u> વર્ષ-2022 ધો.10 એસ.એસ.સી. પરીક્ષાના નિયમિત ઉમેદવારોના આંતરિક મૂલ્યાંકનના અને શાળા કક્ષાના વિષયના ગુણ ઓનલાઇન ભરવાની સૂચનાઓ

<u>સંદર્ભ:-1:-</u> મઉમશબ/સંશોધન/2019/774-812 તા:-04/02/2019નો પરિપત્ર

<u>સંદર્ભ:-2:-</u> મઉમશબ/સંશોધન/2019/2925 તા:-19/08/2019નો પરિપત્ર

મહાશય,

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-1 દર્શિત બોર્ડના પત્રથી જણાવ્યા મુજબ શૈક્ષણિક વર્ષ 2019-20 થી અમલમાં આવેલ ધો.10ની પરીક્ષા પધ્ધતિમાં નિયમિત ઉમેદવારોના શૈક્ષણિક વર્ષ 2021-22માં પણ નીચે મુજબ આંતરિક મૂલ્યાંકનના 20 ગુણ રહેશે.

→ 05 ગુણ – પ્રથમ કસોટીમાં મેળવેલ ગુણના આધારે
→ 05 ગુણ – બીજી કસોટીમાં મેળવેલ ગુણના આધારે
→ 05 ગુણ – નોટબુક સબમીશનના આધારે
→ 05 ગુણ – સબજેક્ટ એનરીચમેન્ટ એક્ટિવીટી (ભાષાઓમાં સ્પીકીંગ અને લીસનીંગ ટેસ્ટ, વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય તેમજ અન્ય વિષયોમાં પ્રોજેકટ કાર્ય રહેશે.)

શૈક્ષણિક વર્ષ 2021-22માં તા:-19/08/2019ના સંદર્ભિત પત્રથી જણાવ્યા પ્રમાણે આંતરિક મૂલ્યાંકન કરવાનું રહેશે. જૂથ – 2 ના મરજીયાત વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ મુજબ સૈદ્ધાંતિક પરીક્ષાના 50 ગુણ રહેશે અને 50 ગુણ પ્રાયોગિક પરીક્ષાના રહેશે. શાળા કક્ષાએ આ પ્રમાણે 100 ગુણની પ્રથમ, દ્વિતીય અને વાર્ષિક પરીક્ષા લેવાની રહેશે. શાળા કક્ષાએ લેવામાં આવતી 100 ગુણની વાર્ષિક પરીક્ષાના ગુણ બોર્ડને મોકલવાના રહેશે જે બોર્ડ દ્વારા 80 ગુણમાં રૂપાંતર કરવામાં આવશે જ્યારે આંતરિક મૂલ્યાંકનના 20 ગુણનું વિભાજન નીચે મુજબ રહેશે.

→ 05 ગુણ – પ્રથમ પરીક્ષા
→ 05 ગુણ – દ્વિતીય પરીક્ષા
→ 05 ગુણ – નોટબુક સબમીશન
→ 05 ગુણ – પ્રાયોગિક કાર્ય અને પ્રોજેકટ કાર્ય

ઉક્ત બાબતે સંદર્ભિત પત્ર – 1 અને 2 થી જાણ કરવામાં આવેલ છે તે મુજબ આ વર્ષે એટલે કે શૈક્ષણિક વર્ષ – 2021-22 ના વર્ષમાં પણ નિયમિત વિદ્યાર્થીઓના આંતરિક મૂલ્યાંકનના ગુણ સંદર્ભિત પરિપત્રો મુજબ તૈયાર કરી બોર્ડની વેબસાઇટ **gseb.org** પર **તા:-20/03/2022 થી તા:-30/03/2022** સુધી ઓનલાઇન અપલોડ કરવાના રહેશે. જેની સૂચના અખબારી યાદી દ્વારા આપવામાં આવેલ છે.

**ખાનગી ઉમેદવાર તરીકે આ વર્ષે જ આવેદનપત્ર ભરેલ હોય તો શાળા કક્ષાના વિષયની પરીક્ષા શાળા કક્ષાએ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક એમ બંને ભાગની પરીક્ષા લઇ પરીક્ષા દરમ્યાન મેળવેલ ગુણાંકન** **તા:-20/03/2022 થી તા:-30/03/2022 સુધી** ઓનલાઇન અપલોડ કરવાનું રહેશે.

શાળા કક્ષાનો વિષય લઇ પૃથ્થક ઉમેદવાર તરીકે આવેદનપત્ર ભરેલ હોય તો શાળા કક્ષાએ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક એમ બંને ભાગની પરીક્ષા લઇ પરીક્ષા દરમ્યાન મેળવેલ ગુણાંકન **તા:-20/03/2022 થી તા:-30/03/2022 સુધી** ઓનલાઇન અપલોડ કરવાનું રહેશે.

**ઓનલાઇન આવેદનપત્ર ભરાયા બાદ વિષયમાં સુધારો હોય તો આંતરિક મૂલ્યાંકનના ગુણ** તથા શાળા કક્ષાના વિષયમાં સુધારો હોય તો ઉમેદવારોની પ્રવેશિકા (હૉલટીકિટ) ડાઉનલોડ કરવાની તા:-19/03/2022 સૂચનાઓની સાથે બિડેલ પત્રક – અ અને પત્રક – અ 1 માં વિગતો ભરી તા:-28/03/2022 સુધીમાં રજિસ્ટર્ડ ટપાલ દ્વારા મદદનીશ સચિવ (એસ.એસ.સી.) માધ્યમિક શાખા, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગરને મળી રહે તેવી વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે. (મેઇલ માધ્યમે સ્વીકારવામાં આવશે નહીં.)

ધોરણ-10 (એસ.એસ.સી.)ઓનલાઇન આંતરિક ગુણ અને શાળા કક્ષાના વિષયના ગુણ **અપલોડ કરતા જો કોઈ વિદ્યાર્થીનાં વિષયમાં ફેરફાર થયેલ હોય તો ઓનલાઇનમાં વિદ્યાર્થીની કોલમમાં NA પસંદ કરવું અને નીચે રીમાર્કમાં તેના ગુણ દર્શાવી અપલોડ કરવાનુ રહે છે અને ઉક્ત સૂચવ્યા મુજબ પત્રક-અ અને પત્રક-અ(૧) ની પણ કાર્યવાહી કરવાની રહેશે.**

(ડૉ. બી. એ. ચૌધરી)
પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ રવાના:-

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી (તમામ), ગુજરાત રાજય, તાબાની શાળાઓને જાણ અને કાર્યવાહી કરવા સારૂં

સવિનય નકલ રવાના:-

(1) માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર

(2) માનનીય સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર

(3) માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર